વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦

## પરિપત્ર

### કૃષિ મહોત્સવ–૨૦૧૭ માટે કૃષિ સાહિત્ય તૈયાર કરવા બાબત...

જયભારત સહ જણાવવાનું કે, રાજય સરકારશ્રી દ્વારા આગામી તા.૦૬/૦૫/૨૦૧૭ થી તા.૨૩/૦૫/૨૦૧૭ (દિન–૧૮) સુધી ખરીફ કૃષિ મહોત્સવ–૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાતમાં ચાર સ્થળે યોજાનાર એક દિવસીય "સેમિનાર અને કૃષિ પ્રદર્શન"માં ભાગ લેનાર ખેડૂતોને આપવા માટે યુનિવર્સિટી દ્વારા કૃષિ સાહિત્ય તૈયાર કરવાનું થાય છે. આ માટે નીચે કોઠામાં દર્શાવેલ વિભાગોના વડાઓએ તેઓના વિભાગ સામે કોલમ–૩માં જણાવેલ વિષય પર કોલમ–૫માં જણાવેલ સંખ્યામાં બુકલેટ/ફોલ્ડર યુનિવર્સિટી દ્વારા માન્ય કરેલ પ્રિન્ટર્સ પાસે તૈયાર કરાવીને મોડામાં મોડા **તા.૦૩/૦૫/૨૦૧૭** સુધીમાં અત્રેની કચેરીમાં પહોંચતા કરવા વિનંતી છે.

| અ. નં. | વિભાગનું નામ | વિષય | સાહિત્યનો પ્રકાર | નકલો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | સજીવ ખેતી | બુકલેટ | ૧૫૦૦ |
| ૨ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | કૃષિ પેદાશોનું મૂલ્યવર્ધન | બુકલેટ | ૧૫૦૦ |
| ૩ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | શાકભાજી પાકોની વૈજ્ઞાનિક ખેતી | બુકલેટ | ૧૫૦૦ |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન), નકૃયુ નવસારી | પિયતની વૈજ્ઞાનિક પધ્ધતિઓ | બુકલેટ | ૧૫૦૦ |
| ૫ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ડાંગર સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ખરીફ ડાંગરની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| ૬ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | શેરડીની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| ૭ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત | બી.ટી. કપાસની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૮ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત | જુવારની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૯ | નોડલ ઓફિસરશ્રી (મેગાસીડ), કઠોળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | તુવેરની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૦ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા | ૧. આંબાની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| | | ૨. કાજુની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૧ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(ફળ), ફળ સંશોધન કેન્દ્ર, નકૃયુ, ગણદેવી | ૧. ચીકુની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| | | ૨. કેળની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૨ | ડીનશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | કંદમૂળ પાકોની વૈજ્ઞાનિક ખેતી | ફોલ્ડર | ૨૦૦૦ |

પાના નં.૨ પર ચાલુ......

| અ. નં. | વિભાગનું નામ | વિષય | સાહિત્યનો પ્રકાર | નકલો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧૩ | આચાર્યશ્રી,પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧. નફાકારક પશુપાલન | ફોલ્ડર | ૩૦૦૦ |
| | | ૨. બકરાં પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૩. મરઘાં પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૪. દક્ષિણ ગુજરાતમાં મત્સ્યપાલનની તકો | ફોલ્ડર | ૨૦૦૦ |
| ૧૪ | આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ નવસારી | ૧. ઘાસચારાના પાકોની ખેતી | ફોલ્ડર | ૩૦૦૦ |
| | | ૨. મશરૂમની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| ૧૫ | આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી | ૧. ચંદનની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૨. એલોવીરાની ખેતી | ફોલ્ડર | ૧૦૦૦ |
| | | ૩. મધમાખી પાલન | ફોલ્ડર | ૧૦૦૦ |

ઉપર્યુકત કૃષિ સાહિત્ય માટે રાજય સરકારશ્રી તરફથી ગ્રાન્ટની અત્રે ફાળવણી થયેલ ન હોઈ ઉપરોકત વિભાગોના વડાઓએ તેઓના હસ્તકની પ્લાન/નોન પ્લાન/આઈ.સી.એ.આર./અધર એજન્સીની યોજનાઓની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી પ્રિન્ટીંગનો ખર્ચ કરવાનો રહેશે.

કૃષિ સાહિત્યની પ્રિન્ટીંગની કામગીરી અત્રેની કચેરીના પરિપત્ર જા.નં.નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૪/૨૦૧૭ નવસારી તા.૧૭/૦૧/૨૦૧૭થી પરિપત્રિત કરેલ આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના માન્ય કરેલ પાર્ટીઓ/ભાવોથી કરાવવાની રહેશે. આણંદની પ્રેસ પેનલના ભાવો નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૧૭/૦૧/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે.

આ પરિપત્ર આ કચેરીની તા.૧૭/૦૪/૨૦૧૭ની નોંધ પર માન.કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/વેબ–૦૩/૨૦૧૭
નવસારી તા. ૧૭/૦૪/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ જયભારત સહ રવાના</u> :**
ઉપરોકત કોઠામાં દર્શાવેલ વિભાગોના વડાઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.

## વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

**આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવોથી નવસારી યુનિવર્સિટીના તમામ વિભાગો/કેન્દ્રોમાં પ્રિન્ટીંગની કામગીરી કરાવવાની મંજૂરી આપવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઈ–ટેન્ડરીંગ મારફતે ભાવપત્રકો મંગાવીને તા.૦૭/૦૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ (એક વર્ષ) ના સમયગાળા દરમ્યાન પ્રિન્ટીંગની કામગીરી માટે પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ)ની એક પ્રેસ પેનલ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રેસ પેનલના સ્પર્ધાત્મક અને વ્યાજબી ભાવોથી આપણી યુનિવર્સિટીના વિવિધ વિભાગો/કેન્દ્રો વર્ષ દરમ્યાન ગુણવત્તાસભર પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકે તે માટે નિયુકત સમિતિના સભ્યશ્રીઓ ની ભલામણના અનુસંધાને મા.કુલપતિશ્રીએ આ કચેરીની તા.૧૭/૦૧/૨૦૧૭ની નોંધ પર મંજૂરી આપેલ છે.

યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો જરૂર પડયે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ પૈકી કોઈપણ પાર્ટી/પાર્ટીઓ પાસેથી પોતાના વિભાગની પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકશે. આણંદની પ્રેસ પેનલના ભાવોની નકલ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૧૭/૦૧/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે આ પરિપત્રની તારીખથી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી જ માન્ય ગણાશે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટીના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે.

ઉપર્યુકત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૪/૨૦૧૭
નવસારી તા.૧૭/૦૧/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ) તરફ જાણ તથા ઘટતું થવા સારું.